દાખલ તારીખઃ– ૦૭/૦૩/૨૦૨૬
રજી.તારીખઃ– ૦૭/૦૩/૨૦૨૬
ફેસલ તારીખઃ– ૧૨/૦૩/૨૦૨૬
સમય ગાળોઃ– વર્ષ માસ દિવસ

**રાજકોટ જીલ્લાના મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.**

**ફોજ. પર. અરજી નં. ૯૩/૨૦૨૬**
**આંકઃ–**

**(૧) અલ્તાફભાઈ દાઉદભાઈ ઠેબા**
**ઉ.આ.વ. ૩૨, ધંધોઃ મજૂરી,**
**રહે. મેંદરડા ગામ, માલીડા રોડ,**
**તા. ભેંસાણ, જી. જૂનાગઢ.............................અરજદાર.**
**(હાલઃ સબજેલ, જેતપુર)**

**વિરૂદ્ધ**

**સ્ટેટ ઓફ ગુજરાત**
**નોટીસ થ્રુ એડી.પી.પી.**
**એડી.સેશન્સ કોર્ટ, જેતપુર...........................સામાવાળા.**

**બાબતઃ– બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ હેઠળ જામીન અરજી...**

**અરજદાર તરફે વિ. વ. શ્રી ડી. એમ. વાઘેલા.**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા.**

## ઠ રા વ

**(૧)** અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રજૂ કરી વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૦૩૦/૨૦૨૬ થી પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**(૨)** અરજદારની અરજી તેમજ બંન્ને પક્ષકારોનાં વિ. વ. શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવી તેમજ રજૂ સોગંદનામું ધ્યાને લીધું.

**(૩)** અરજદારનાં વિ. વ. શ્રીએ એવી રજૂઆત કરેલ છે કે, આરોપી સામે પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧

મુજબનો ગુનો નોંધાયેલ અને સદરહુ ગુનાના કામે આરોપીની ધરપકડ કરવામાં આવેલ અને ત્યારબાદ નીચેની અદાલતમાં જામીન અરજી કરતાં જે નામંજૂર કરવામાં આવેલ અને અરજદાર હાલ જ્યુડીશિયલ કસ્ટડીમાં હોઈ જેથી હાલની આ અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. વધુમાં તેઓની રજૂઆત છે કે, આ ગુનાના કામે આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે તેની સામે પ્રથમદર્શનિય કેસ નથી, સદરહુ ગુનો વિ. જ્યુડી. મેજી. ફ. ક. શ્રીનાઓ ચલાવી શકે તે પ્રકારનો છે, કેસ ચાલવામાં સમય જાય તેમ છે જેથી આરોપીને જામીન ઉપર મુક્ત ન કરવામાં આવે તો પ્રિ ટ્રાયલ પનિશમેન્ટ થાય તેમ છે. વધુમાં આરોપી જૂનાગઢ જિલ્લાનાં સ્થાનિક રહેવાસી છે, સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે, નાસી ભાગી જાય તેમ નથી તે તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

(૪) આ અદાલત દ્વારાં સામાવાળાને નોટીસ કાઢવામાં આવતાં શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા હાજર થયેલ છે તેઓએ જણાવેલ છે કે, આરોપી વારંવાર આવા પ્રકારનાં ગુના કરવાની ટેવવાળા છે અને રીઢા ગુનેગાર છે અને ઘણી મોટી રકમનો એટલે કે ૧૯ લાખ ઉપરાંતનો મુદ્દામાલ મળી આવેલ છે અને હાલમાં ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આવા પ્રકારનાં આરોપીઓનાં કારણે રાજ્યનું યુવાધન નશાની લતે ચડી જાય છે અને જો આવા પ્રકારનાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીથી આવા પ્રકારનાં ગુના આચરશે અને કેસ ચાલતા ભવિષ્યમાં હાજર રહેશે નહીં જેથી ટ્રાયલ પણ લંબાવાની શક્યતાઓ હોઈ આરોપીને જામીન ઉપર મુકત ન કરવા રજૂઆત કરેલ છે.

(૫) હાલનાં અરજદાર સામે આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા, ગુનાની સજાની જોગવાઈ, બંને પક્ષોનાં વિ. વ. શ્રીઓની રજૂઆતો, રજૂ થયે કેસ પેપર્સ તેમજ રજૂ થયેલ સોગંદનામું ધ્યાને લીધું.

વધુમાં હાલનાં કામે રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેવામાં આવે તો હાલનાં આરોપી વિરૂદ્ધ અગાઉ પણ આશરે ૫ જેટલા ગુના નોંધાયેલ છે તેટલા કારણ માત્રથી આરોપીને તેનાં જામીનના અધિકારથી વંચિત રાખી શકાય નહીં. વધુમાં હાલનાં કામે રજૂ થયેલ કેસ પેપર્સ ધ્યાને લેતાં હાલનાં

કામનાં આરોપી સદરહુ મુદ્દામાલ લાવનાર નથી કે મંગાવનાર નથી કે તેમનાં કબજામાંથી ૧૯ લાખ ઉપરાંતનો મુદ્દામાલ મળી આવેલ નથી. રજૂ થયેલ કેસ પેપર્સ ધ્યાને લેતાં અશોક લેલન કંપનીનું બડાદોસ્ત વાહન નં. જીજે ૩૭ ટી ૭૨૯૧ માં તપાસ કરતાં આશરે રૂા. ૫,૦૧,૩૬૦/- નો મુદ્દામાલ મળી આવેલ છે તે હકીકત ધ્યાને લેતાં તેમજ કેસ ચાલવામાં સમય જાય તેમ છે તેમજ વિ. જ્યુડી.મેજી.ફ.ક. ટ્રાયેબલ ગુનો છે, આરોપી સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે, નાસી ભાગી જાય તેવી કોઈ શક્યતા નથી તેમજ નામદાર સુપ્રિમકોર્ટનાં **(૧) ૨૦૧૨(૧) સુ.કો.કે. ૪૦, સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ. તથા (૨) ૨૦૨૦(૧૧) સુ.કો.કે. ૬૪૮, પ્રભાકર તિવારી વિ. સ્ટેટ ઓફ યુ.પી.** નાં ચૂકાદાઓમાં કરેલ અવલોકનો ધ્યાને લેતાં આરોપી સામે બીજા અનેક ગુના નોંધાયેલ હોવાનાં કારણ માત્રથી આરોપીનાં જામીન રદ કરી શકાય નહીં તેવું ઠરાવેલ છે વિગેરે તમામ સંજોગોમાં બેલ એ નિયમ અને જેલ તે અપવાદના સિદ્ધાંતોને લક્ષમાં લઈ અરજદારને યોગ્ય રકમના શરતી જામીન પર મુકત કરવા વ્યાજબી જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

**(૧)** આ કામનાં અરજદાર/આરોપીની બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી શરતી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદારને તેમની વિરૂદ્ધ નોંધાયેલ વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૦૩૦/૨૦૨૬ થી પ્રોહી. એક્ટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી, ૯૮(૨), ૮૧ મુજબનાં ગુના સબબ **અરજદારે રૂા. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા સબંધિત ટ્રાયલ અદાલત સમક્ષ ટ્રાયલકોર્ટને સંતોષકારક જણાય તે રીતે નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શ ર તોઃ-**

**એ.** અરજદારે ફરિયાદપક્ષનાં સાહેદોને ફોડવા નહીં કે ધાક ધમકી આપવી નહીં.

**બી.** અરજદારે સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી સિવાય **ગુજરાત**

રાજયની હદ છોડવી નહી.

**સી.** અરજદારે નામદાર સબંધિત અદાલતમાં જામીન આપતી વખતે પોતાનું કાયમી રહેણાંકનુ સરનામું દસ્તાવેજી પુરાવાથી જાહેર કરવું અને તેમાં નામદાર સબંધિત અદાલતની પૂર્વ પરવનાગી વગર ફેરફાર કરવો નહીં.

**ડી.** અરજદારે ફરીવાર આવા પ્રકારનું કોઈ ગુનાહિત કૃત્ય કરવું નહીં.

**ઈ.** અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેની હકીકત સોગંદનામાં ઉપરજાહેર કરવી.

(૩) અરજદારે જામીન સબંધિત ટ્રાયલ કોર્ટમાં આપવાનાં રહેશે.

(૪) ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત નીચેની ટ્રાયલ કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

આ હુકમ આજરોજ **તા. ૧૨, માહે–માર્ચ, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00727)